અગરિયાની આદર્શ નિવાસી શાળાઓમાં
ધોરણ-૮ થી ૧૦ ના બદલે ધો. ૯ થી ૧૨નું
સળંગ એકમ શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૧૨/૨૩/ન.બા./અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૭/૪/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૧૯/૧/૨૦૧૨ નો પત્ર ક્રમાંકઃવિજાક/આનિશા/૧૧-૧૨/૩૩-૩૪

ઠ રા વઃ-

રાજ્ય સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ થી ધોરણ-૮ ને પ્રાથમિક શાળામાં તબદીલ કરવાનો અને જૂન-૨૦૧૨ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી રાજયની તમામ માધ્યમિક શાળાઓના ધોરણ-૮ નો વર્ગ બંધ કરવા અને ધો.૯ થી ૧૨ નું સળંગ એકમ શરુ કરવાનો નિર્ણય લીધેલ છે. જે મુજબ અગરિયાની ૫ (પાંચ) આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૮ થી ૧૦ ના બદલે ધોરણ-૯ થી ૧૨ નું સળંગ એકમ બનાવવા અને આ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ નો વર્ગ શરૂ કરવા માટે વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા. ૧૯-૧-૨૦૧૨ ના પત્રથી રૂ. ૧૨.૦૦ લાખની કરેલ દરખાસ્તની વહીવટી મંજૂરી આપવાની નવી બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે અગરિયા માટેની ૫ (પાંચ ) આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૮ થી ૧૦ના બદલે ધોરણ-૯ થી ૧૨ નું સળંગ એકમ બનાવવા માટે ધોરણ-૧૧ નો વર્ગ શરૂ કરવા વર્ગ દીઠ બે શિક્ષકો લેખે પાંચ વર્ગો માટે કૂલ ૧૦ (દસ) શિક્ષકોની જગ્યાઓ રૂ. ૯૩૦૦-૩૪૮૦૦-ગ્રેડ પે રૂ.૪૪૦૦ પગાર ધોરણમાં ઉભી કરવા અને ધોરણ-૮ નો વર્ગ બંધ થતા તેના શિક્ષકોને ખાલી જગ્યા સામે સમાવવાના રહેશે. આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. ૧૨.૦૦ લાખ( અંકે રુપિયા બાર લાખ પુરા) ની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬-૨-૨૦૦૬, તા.

૧/૮/૨૦૦૬ તથા તા. ૨૯/૪/૨૦૧૦ તથા સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ તથા તા. ૧૦/૫/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇ પ્રમાણે ભરવાની રહેશે. આ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થતી હોય તો તાજેતરમાં તા. ૨૦/૧/૨૦૧૨ ના રોજ નામદાર હાઇકોર્ટે ફીકસ પગારથી વર્ગ-૩ ની જગ્યાઓ ભરવા બાબતેની રાજય સરકારની નીતિ સબંધે આપેલ ચુકાદાને ધ્યાને લઇ આ જગ્યાઓ સીધી ભરતીથી ભરતાં પહેલાં નાણાં વિભાગની મંજૂરી મેળવી, નાણાં વિભાગ ધ્વારા જે મુજબ મંજૂરી આપવામાં આવે તે અનુસાર જગ્યાઓ ભરવાની રહેશે.

(૨) સીધી ભરતી/બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમો પ્રમાણે સીધી ભરતી/બઢતીથી આવતી હોવાની શરતે તે રીતે ભરવાની મંજૂરી આપવામાં આવે છે.

(૩) સીધી ભરતીથી નિમણૂંક પામનારા ઉમેદવારોને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા. ૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦/પી તથા તા. ૨૭/૯/૨૦૦૬ ના પરિપત્ર ક્રમાંકઃનન/૨૦૦૩/જીઓઆઇ/૧૦/(પા.ફા)પી ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે. તથા આ અંગેનો વખતોવખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણૂંક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

(૪) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.૨૦૦૯ પ્રમાણે છે કે કેમ ? તે ચકાસી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૫) આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની ખાલી જગ્યાઓ ભરવાને અગ્રિમતા આપવાની રહેશે તથા અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે.

(૬) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો, નીતિ નિયમોની જોગવાઇ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૭) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇશે.

(૮) રાજય સરકાર ધ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૯) આ અંગેનો ખર્ચ નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની સમય મર્યાદામાં રહીને તા. ૧/૪/૨૦૧૨ પછી જ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

(૧૦) આ જગ્યાઓ તા. ૨૮/૨/૨૦૧૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની મંજૂરી મેળવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિ/અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ (૧૬) બીસીકે-૧૩૧ (૧૨) અગરિયાની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ નો વર્ગ શરૂ કરવા માટેના સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ની તા. ૨૩/૪/૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. જે. મનસુરી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.